**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૬ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૭૨ ટકા

# અથાણાંની બનાવટમાં કાળજી રાખવાની પધ્ધતિઓ

## બાર માસ માટે તૈયાર કરેલાં અથાણાંઓ સહેજ ભૂલના કારણે બગડી જતા હોય છે જેના કારણે મોંઘીદાટ ચીજવસ્તુઓ નાંખેલી વેસ્ટ જાય છે

ગાંધીનગર, તા.૧૩

શહેરમાં હાલમાં અથાણાંની સિઝન પૂરબહારમાં ચાલી રહી છે. ગૃહિણીઓ વિવિધ પ્રકારના અથાણાં વર્ષ માટે પેક કરી રહી છે. ભોજનમાં એક સમયે શાક ન હોય ત્યારે ઓપ્શનમાં રાખેલા આ અથાણાં રોટલા કે રોટલી, થેપલા સાથે ખાવાની મજા આવે છે. હાલમાં બજારોમાં પણ અથાણાં માટે કેરીની ખરીદીનો ધમધમાટ ચાલી રહ્યો છે ત્યારે ગૃહિણીઓ દ્વારા બનાવેલ આ હોમમેડ અથાણાં ઘણી વખત બગડી જતા હોય છે. જેમાં ગૃહિણીઓની મહેનત પર પાણી ફરી જાય છે તેથી અથાણાં બગડે નહીં તે માટે પણ અલગ અલગ માવજત હોય છે. આપણે ગમે એટલાં અથાણાં કરીએ પણ જો એને સરસ રીતે સાચવ્યા ન હોય તો કયારેક ફૂગ લાગે છે એમાંથી દુર્ગંધ આવે છે, બગડી જાય છે અને બાર મહિના માટે બનાવેલી વસ્તુને ફેંકી દેવી પડે છે. મોંઘા દાટ તેલ મસાલાની ચીજો નકામી જતાં જીવ બળે છે ત્યારે આખું યે વર્ષ બગડે છે. જેને યોગ્ય કાળજી મુજબ બનાવવું અને પેક કરવું નિવાર્યછે.

અથાણાં ચાર પ્રકારના હોય છે. સહેજ ખારું અથાણું, વિનેગરવાળું અથાણું, તેલવાળું અથાણું, મિશ્ર અથાણું.

કોઈ પણ પ્રકારના અથાણાંમાં જીવાણુઓનો ઉપદ્રવ વધી જતા તેના બગડવાની શરૂઆત થઈ જાય છે. જો અથાણાંમાં તીવ્ર વિનેગર નાંખીએ તો પણ તેમાં સૂક્ષ્મ જીવાણુઓ ઉત્પન્ન થાય છે જો તેમાં પૂરતાં પ્રમાણમાં ખારાશ નાંખવામાં આવે, એસિટિક એસિડ નાંખવામાં આવે





તો જીવાણુઓ ઉત્પન્ન નહીં થાય. અથાણું નાંખતી વેળાએ હાથ સાફ હોવા ઉપરાંત પાણી વાળા હાથે કદી અથાણું કરવું નહીં.

● **સહેજ ખારું અથાણું :** અથાણું લાંબા સમય સુધી સારું રહે તે માટે મીઠું એ ઉત્તમ પદાર્થ છે. ૧૫ ટકા મીઠાથી કેરી લીંબુ અને અન્ય શાકભાજી સંગ્રહી શકાય છે. એમાંય સૂકા મીઠાની પધ્ધતિ જો વિચારીએ તો તે ઉત્તમ છે. મીઠામાં કોઈ પણ અથાણાંની વસ્તુ ભેળવી તેના પર વજન મુકીને રાખો ત્યારબાદ તેમાંથી પાણી નીચોવી નાંખીને બાકી રહેલા પદાર્થમાં મરચું તથા મસાલો નાંખીને સરસ અથાણું બનાવી શકાય છે.

● **વિનેગરવાળું અથાણું :** આમ તો મોટે ભાગે તેલ-મીઠાનું જ અથાણું પ્રિય હોય છે. પરંતુ અથાણાંમાં વિનેગર પરિરક્ષક તરીકે કામ કરે છે. વિનેગરથી અથાણું સારી રીતે સાચવી શકાય તે માટે એસિડનું પ્રમાણ ૨ ટકાથી વધારે રાખવું. તૈયાર થયેલ અથાણાંને વિનેગરમાં રાખવામાં આવે છે આમ તો વિનેગરમાં બનાવેલી કેરી અને ફણસનું અથાણું ખૂબ જ સ્વાદિષ્ટ લાગે છે. હોટલોમાં પણ કાંદાની નાની સ્લાઈસને વિનેગરમાં નાંખી ભોજન વખતે પીરસવામાં આવે છે.

● **મિશ્ર અથાણું :** કોઈ પણ પ્રકારના મિશ્ર અથાણાંને મીઠામાં નાંખી પછી કાઢી નાંખી તેમાં મસાલો નાંખી હલાવી ભેળવીને રાખ્યા બાદ તેમાં તેલ નાંખવું, બરણીમાં અથાણું ઢંકાઈ જાય એટલું ડૂબાડુબ તેલ નાંખવું જેથી બરણીમાં રહેલાં અથાણાંમાં બહારની હવા, ભેજ કે સૂક્ષ્મ જીવાણું અંદર જઈને અથાણાંને બગાડે નહીં.

● **તુરાશ આવવી :** તીવ્ર વિનેગર વાપરવાથી મસાલાને વધુ સમય સુધી ગરમ કરવાથી અથવા વધુ પ્રમાણમાં મસાલો નાંખવાથી તુરાશ આવવાની શકયતા રહે છે.

● **કાળું પડવું :** લોખંડના સાધનો વાપરવાથી અથવા કેટલાંક સૂક્ષ્મ જીવાણુઓની પ્રક્રિયાથી અથાણું કાળું પડી જાય છે.

● **ખરાબ અથવા બેસ્વાદ થવું :** મીઠાંના પૂરતા પ્રમાણમાં ઉપયોગના અભાવે, કચાશને લઈને અથવા તો ઉત્તમ અને ચોખ્ખો મસાલો નહીં વાપરવાથી અથાણું બેસ્વાદ કે ખરાબ થઈ જાય છે.

● **પોચા પડી જવું કે કઠણ બની જવું :** બેકટેરિયાના ઉપદ્રવથી અને એન્ઝાઈમ્સ પ્રક્રિયાથી અથાણું પોચું પડી જાય છે. મોટે ભાગે અથાણું આ રીતે બગડે છે એમાં ઓછી ખારાશ હોય અથવા મીઠાના દ્રાવણમાં એને ઓછું રાખવામાં આવ્યું હોય તો પણ તે પોચું પડી જાય છે.

## જન્મદિને વધામણી



હિના પ્રદિપ ગગલાણી
નોટરી
મો. ૯૮૨૪૩ ૯૯૧૨૧



ધિરેન આર પરમાર
મો. ૬૩૫૧૭ ૧૫૮૭૩



આયુષ
તુષારકુમાર શ્રીમાળી



વણકર પ્રકાશ (ગુરુ)
મો. ૮૭૫૮૩ ૦૨૩૦૨



કુણાલ મહેતા



શહેરમાંથી કચરો ઉપાડતી ગાડી માત્ર કચરો ઉપાડવા માટે જ ઉપયોગમાં લેવામાં નથી આવતી પરંતુ સફાઈ કર્મીઓ અને તેમના બાળકોને લાવવા લઈ જવા માટે પણ ઉપયોગમાં લેવાય છે ભલે મજબુરીમાં તેનો ઉપયોગ થતો હોય પરંતુ આવી રીતે કચરો ભરાતી ગાડીમાં સફાઈ કર્મીઓને લાવવું લઈ જવું જરાય સુરક્ષિત નથી.

# એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલ કુડાસણમાં પ્રવેશોત્સવ




ગાંધીનગર, તા.૧૩

એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલ, કુડાસણમાં પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં પ્રવેશતા બાળકોએ પ્રાર્થના કરી નવા સત્રના અભ્યાસનો શુભારંભ કર્યો હતો. આ પ્રસંગે જયરાજસિંહ શંકરસિંહ રાણાએ પ્રવેશેલા બાળકોને આર્શીવચન આપ્યા હતા. અને શાળાના અભ્યાસનો પ્રથમ દિવસથી જ શુભારંભ કરી બાળકોને વિવિધ પ્રવૃત્તિઓની રૂપરેખા આપી હતી. આ પ્રસંગે ડૉ. શંકરસિંહ રાણા, શાળાના શિક્ષકો વિગેરે હાજર રહ્યા હતા.

# કડી કેમ્પસમાં ધોરણ-૧ થી ૨ના વિદ્યાર્થીઓનો પ્રવેશોત્સવ યોજાયો




ગાંધીનગર, તા.૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચાલિત એસજી અને એસવી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં નવા સત્રની શરૂઆત થતાં ધોરણ-૧ અને ધોરણ-૨ના વિદ્યાર્થીઓ માટે પ્રવેશ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ હર્ષોલ્લાસથી શાળામાં પ્રવેશ કર્યો હતો.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં માતૃભાષા ગુજરાતી અંગે કાર્યશિબિર યોજાઈ



ગાંધીનગર, તા.૧૩

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે માતૃભાષા ગુજરાતી અંગેની એક કાર્યશિબિર હાલમાં યોજાઈ ગઈ. જેમાં યુનિવર્સિટીના કુલપતિ હર્ષદભાઈ શાહે વર્ણમાળા સ્વર વ્યંજન અંગે સૌને ગુજરાતી ભાષાનું જ્ઞાન અનોખી રીતે પીરસ્યું હતું. માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના ઉપક્રમે કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર રાજયમાંથી ભાષાપ્રેમીઓ, શિક્ષકો, પ્રાધ્યાપકો, પ્રબુદ્ધ નાગરિકો, લેખકો કવિઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કુલપતિ તથા માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના ઉપાધ્યક્ષ હર્ષદભાઈ શાહે પાણિનીના વ્યાકરણ આધારિત ગુજરાતી ભાષાની વર્ણમાળા, સ્વર અને વ્યંજનો વિશે શીખવવાનું શરૂ કર્યું ત્યારે ભાષાના શિક્ષકો પણ આશ્ચર્ય પામ્યા. અત્યાર સુધીમાં કોઈએ પણ આ રીતે વૌનિક ઢબે વર્ણમાળા શીખવી ન હોવાનો અભિપ્રાય શિક્ષકોએ વ્યકત કર્યો હતો.


આ શિબિરમાં ઉપસ્થિત કવિ કિશોરભાઈ જીકાદરાએ હર્ષદભાઈ શાહે તૈયાર કરેલી વિષય સામગ્રીને ગુજરાતી વ્યાકરણના પુસ્તકરૂપે પ્રગટ કરવાનો અભિપ્રાય અને આગ્રહ કર્યો જેને સૌએ વધાવ્યો હતો. જયારે કેટલાક શિક્ષકોએ આ વિષય સામગ્રીનો પાઠય પુસ્તકોમાં પણ સમાવેશ કરવાનો વિચાર રજૂ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમના સંયોજક તરીકે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના પ્રાધ્યાપક ડૉ.કુણાલ પંચાલ રહ્યા હતા જયારે આભારવિધિ ડૉ. જય ઓઝાએ કરી હતી.

# બજારોમાં કેરીના ભાવમાં કડાકાના એંધાણ

## વરસાદના કારણે કેરીઓ બગડવાની ભીતી વચ્ચે કેરીના ભાવમાં અધધ ઘટાડો થશે

ગાંધીનગર, તા.૧૩

શહેરમાં ભરઉનાળે અચાનક વાતાવરણમાં પલટો આવી ગયો છે. ઘણા વિસ્તારોમાં વરસાદી માહોલ છવાયો છે. ગાંધીનગરમાં પણ વરસાદના છાંટા કયાંક કયાંક વરસ્યા છે ત્યારે ઉનાળાની મનપસંદ કેરીના પાકને નુકસાન થવાના એંધાણ છે માંડ કેરીનો વ્યવસાય માર્કેટમાં જામ્યો હતો અને આ વાતાવરણ બદલાતા વેપારીઓની આશા પર પાણી ફરી વળ્યું છે. વરસાદ પડવાના કારણે કેરીના પાકને નુકસાન થવાથી હવે માર્કેટમાં દે ધનાધન કેરીઓ ઓછા ભાવમાં વેચાવાની શરૂ થશે. આ વર્ષે શહેરીજનોને કેરી ખાવી મોંઘી પડી રહી હતી તેવામાં વરસાદી વાતાવરણે કેરીના વ્યવસાય પર અસર કરી છે. જો કે આ વરસાદ જાંબુ પાકવા માટે પડતો હોય છે તેવું કહેવાય છે પરંતુ જૂનાગઢ



વિસ્તારમાં ભરપૂર માત્રામાં કેરીઓને નુકસાન થવાના એંધાણ છે.

ગયા બે વર્ષે પણ કેસર કેરીનો સ્વાદ માવઠાના કારણે ફીક્કો રહ્યો હતો. ઉપરાંત લોકડાઉનના કારણે બજારોમાં કેરીની પણ આવક નહોતી થઈ. સૌરાષ્ટ્રમાં માવઠાને કારણે કેરીના પાકને ભાર નુકસાન પહોંચ્યું છે જેની અસર કેરીના ભાવમાં આગામી દિવસોમાં જોવા મળશે. ગત વર્ષે આજ સમયે તોકતે વાવાઝોડાને કારણે કેસર કેરીનો મોટા ભાગનો પાક નષ્ટ થયો હતો ત્યારે ફરી એક વખત વરસાદનો ખતરો ઉભો થયો છે. વરસાદની સાથે બરફના કરા પડે તો આવી પરિસ્થિતિમાં કેસર કેરીના પાકને નુકસાન વધુ થાય છે. આ વખતે કેરીઓનું બજારમાં આગમન થઈ ચકયું છે અને વરસાદ ખાબકયો છે તેથી આગામી દિવસોમાં કેરીના ભાવમાં કડાકો જોવા મળશે. ૧૨૦૦ રૂપિયામાં મળતી ૧૦ કિલો કેરીના ભાવ ગગડવાની પૂરી સંભાવના જોવા મળી રહી છે. છૂટક બજારમાં મળતી કેરીના ભાવમાં પણ વેપારીઓ દ્વારા અધધ ઘટાડો કરવામાં આવશે તેથી કેરીના સ્વાદપ્રેમીઓને આ વર્ષે મોંઘીદાટ કેરીઓ હવે આસાનીથી પોસાય તેવા ભાવમાં મળી રહેશે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. પટેલ હસમુખભાઈ સોમાભાઈ,** ઉ.વ. ૭૬, ચાંદીસણા, માણસા
- **સ્વ. વાઘેલા ક્રિષ્ણાબા ઘનશ્યામસિંહ,** ઉ.વ. ૪૯, પીંપળજી
- **સ્વ. સોનમા ચંપાબેન કાળીદાસ,** ઉ.વ. ૫૨, પેથાપુર

## આજે ગેઝિયા, સે-૨૫ ખાતે રકતદાન શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૧૩

વિશ્વ રકતદાન દિવસ નિમિત્તે ગેઝીયા (ગાંધીનગર ઈલેકટ્રોનિક ઝોન ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન) ખાતે બ્લડ બેંક, સિવિલ હોસ્પિટલ, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જે ગેઝિયા પરિસર, બી-૨૩/૨/૧, ૨, ઈલેકટ્રોનિક એસ્ટેટ, સેકટર-૨૫ ખાતે ૧૪ જૂને સવારે ૯ થી બપોરે ૧ વાગ્યા સુધી યોજાશે.

# સામાજિક સંસ્થા રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરનો પદગ્રહણ સમારોહ યોજાયો



ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરની જાણીતી સામાજિક સંસ્થા રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગરનો પદગ્રહણ સમારોહ યોજાયો હતો. જેમાં પ્રમુખપદે કેપિટલ ક્રાંતિના તંત્રી પાર્થ ઠકકર અને સેક્રેટરી તરીકે કિંજલ ત્રિવેદીની વરણી કરવામાં આવી છે.

આ કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે શંકરસિંહ રાણા ઉપસ્થિત રહ્યા હતા. નવનિર્વાચિત પ્રમુખને અભિનંદન આપી તેઓએ રોટરી કલબના કાર્યોને બિરદાવ્યા હતા. સંસ્થાનો વાર્ષિક અહેવાલ પાસ્ટ પ્રેસીડન્ટ અમીબેન શાહ દ્વારા રજૂ કરાયો હતો. અન્ય હોદ્દેદારોમાં ચાર્ટર્ડ પ્રેસીડન્ટ જગતભાઈ કારાણી, આઈપીપી કલબ ટ્રેનર અમીબેન શાહ, રોટરી ફાઉન્ડેશનના એસ.કે.નંદા, પ્રેસી. ઈલેકટ રાજીવ ભંડારી, ઉપપ્રમુખ ઉરેન પટેલ, જોઈન્ટ સેક્રેટરી અશ્વિનભાઈ શર્મા અને ખજાનચી નરેશ પ્રજાપતિ તથા અન્ય હોદ્દેદારોને પદગ્રહણ કરાવાયા હતા. સંસ્થાની સાથે વિવિધ કાર્યોમાં સમગ્ર વર્ષ દરમિયાન જોડાનાર ગુજરાત સરકારના અનુસૂચિત જાતિ કલ્યાણના સંયુકત નિયામક નયનાબેન શ્રીમાળીએ સૌ સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા.

# ગાંધીનગરના નાગરિકોએ 'ઝીરો શેડો ડે' ની અનુભૂતિ કરી




ગાંધીનગર, તા.૧૩

સૂર્ય જયારે વિષુવવૃત્તથી કર્કવૃત અને મકરવૃત વચ્ચે પ્રવાસ કરે છે ત્યારે બે વખત સૂર્ય બરાબર માથા પરથી પસાર થાય છે. ત્યારે 'ઝીરો શેડો ડે' ની ઘટના બને છે. આ દિવસને ઝીરો શેડો ડે તરીકે ઓળખવામાં આવે છે. ઝીરો શેડો ડે ફક્ત કર્કવૃત્ત અને મકરવૃત્તની વચ્ચેના વિસ્તારમાં આવેલા પ્રદેશોમાં જ જોઈ શકાય છે. દરેક જગ્યા માટે આ દિવસ અને સમય જુદા જુદા હોય છે.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિવિધ ખગોળીય ઘટનાઓ વિષે લોકોમાં જાગૃતિ આવે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. ગાંધીનગરના નાગરિકો અને વિદ્યાર્થીઓએ આજ રોજ તા. ૧૩ જૂન ૨૦૨૨, સમય બપોરે ૧૨:૩૯ કલાકે પડછાયો શૂન્ય થવાની ઘટના નિસર્ગ સાયંસ સેન્ટર ખાતે નિહાળી હતી. જેમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી, ડો.અનીલ પટેલે આ સમગ્ર ખગોળીય ઘટના કઈ રીતે સર્જાય છે તેની માહિતી આપી હતી. વર્ષમાં બે વખત આ ઘટના કઈ રીતે બને છે તેની ચર્ચા કરી હતી. વિવિધ સાધનો દ્વારા પડછાયો ગાયબ થવાની અનુભૂતિ નાગરિકોએ કરી હતી. ગાંધીનગરમાં ફરી આ ઘટના ૨૯ જુન ૧૨:૪૨ વાગ્યે જોઈ શકાશે.